ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૪૭ ટકા

ગાંધીનગર તાપમાન

ખાણી-પીણીની દુકાનો અડધોઅડધ બંધ થઈ

કરફ્યુ અને લોકડાઉનની ખાણી-પીણી બજાર પર સૌથી મોટી અસર : હોટલ અને રેસ્ટોરન્ટનો ટેક અવે અને હોમ ડીલીવરી પર ટકવાનો પ્રયાસ

ગાંધીનગર, તા.૨૮

કોરોનાની સૌથી મોટી અસર ખાણી-પીણી બજાર પર થઈ છે. કરફ્યુ અને લોકડાઉનના કારણે હોટલ અને રેસ્ટોરન્ટ ૫૦ ટકા જેટલી બંધ થઈ ગઈ છે. માત્ર ટેકઅવે ચાલુ હોવાથી બાકી બચેલી હોટલ-રેસ્ટોરન્ટ ટકવામાં પ્રયાસ કરી રહી છે.

શનિ-રવિ આવે એટલે બહાર જમવા જવાનું એવું ચલણ કોરોના પહેલા ખૂબ હતું રેસ્ટોરન્ટ અને હોટલોમાં શનિ-રવિ તો રીતસર લાંબી કતારો જોવા મળે. વેઈટીંગમાં બેસવું પડે. વળી ગાંધીનગરમાં આઉટસ્ટેટના કર્મચારીઓ એકલા રહેતા હોવાથી તેઓ પણ હોટલ રેસ્ટોરન્ટને સારી એવી ઘરાકી પૂરી પાડતા હતા. ઘ-૫ ઉપરાંત ઈન્ફોસીટી, રીલાયન્સ ચોકડી પાસે ખાણી-પીણીનું નવું જ બજાર વિકસ્યું હતું. વિવિધ બ્રાન્ડેડ હોટલ-રેસ્ટોરન્ટની ચેઈન પણ અહીં

શરૂ થઈ હતી. આ ઉપરાંત નાના લારી ગલ્લા પર ખાણી-પીણીનો ધંધો પણ ધમધોકાર ચાલતો હતો.

કોરોના પહેલા હોટલ રેસ્ટોરન્ટનો વ્યવસાય સોનાની ખાણ જેવો ગણાતો હતો. જો કે કોરોનાએ આ ધંધાની સિકલ સાવ બદલી નાંખી છે. ગયા વર્ષે લાગેલા લોકડાઉને ઘણી બધી હોટલ રેસ્ટોરન્ટ બંધ કરી નાંખી હતી. લોકડાઉન ખુલ્યા બાદ થોડી ઘણી હોટલ-રેસ્ટોરન્ટસ માંડ માંડ શરૂ થઈ હતી. પરંતુ હજુ ધંધો જામે તે પહેલા જ માર્ચ-એપ્રિલ માસમાં લાગેલા અંશતઃ લોકડાઉને આ વ્યવસાયને મરણતોલ ફટકો આપ્યો. અગાઉથી જ અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરી રહેલી હોટલ રેસ્ટોરન્ટને બંધ કરવાની માલિકોને ફરજ પડી. ઉંચા ભાડા, સ્ટાફની કમી અને ઘરાકી નહીવત થતાં ૫૦ ટકા ઉપરાંતની હોટલો બંધ થઈ ગઈ. છેલ્લા બે મહિનાથી હોટલ રેસ્ટોરન્ટના વ્યવસાયીઓ બજારમાં ટકવાનો પ્રયાસ કરી રહ્યા છે. ટેક અવેને જ લીમીટેડ સમય માટે પરવાનગી હોઈ બાકી બચેલી હોટલો-રેસ્ટોરન્ટસ ટેકઅવે એને હોમ ડીલીવરીના આધારે જ ટકવાનો પ્રયાસ કરી રહ્યા છે. હોટલ રેસ્ટોરન્ટને શરૂ કરવાની પરવાનગી આપવામાં આવે તો પણ બંધ થઈ ગયેલો હોટલો રેસ્ટોરન્ટ પુનઃ શરૂ થાય તેવા કોઈ એંધાણ દેખાતા નથી.

જન્મદિને વધામણી

જયંતિભાઈ આઈ રાવલ
મો. ૯૭૨૪૮ ૯૧૫૦૬

રમેશભાઈ લિમ્બાચીયા
મો. : ૯૪૦૮૬૦૨૮૧૯

સૌવ્યા રવિકિરણ પરમાર

નવ્યા સિરિન પટેલ
મો. ૯૮૯૮૭ ૨૩૪૨૫



કાવ્યા સંજયકુમાર રાયકા

કાન્તિલાલ ડી રાજ



ડો. તેજલ દલાલ

ભીખભાઈ નથ્થુભાઈ પરમાર
મો. ૯૭૩૭૪ ૧૮૩૩૭

ઘરમાં રહો સુરક્ષિત રહો

ખૂણેખાંચરેથી

● અરવિંદ ફાઉન્ડેશન દ્વારા કલોલના ૭ પી.એચ.સી. અને ત્રણ સી.એચ.સી.ને ૧૦૦ થર્મલ ગન, ૫૦ પલ્સ ઓક્સોમીટર, ૫૦ લીટર સોનેટાઈઝર તેમજ ૫૦૦૦ સર્જીકલ માસ્ક ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા છે.

● કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા આજે ગાંધીનગર તાલુકાના ઉનાવા પ્રા.આ. કેન્દ્રનું એનક્યુએસસીનું ઈન્સ્પેક્શન વર્ચ્યુઅલી યોજાશે. અગાઉ માણસા તાલુકાના પુંધરાને આ પ્રમાણપત્ર મળી ચુક્યુ છે.

● ૧૮+ ના યુવાઓના વેક્સિનેશન માટે શનિ-રવિના તમામ સ્લોટ ગાંધીનગર માટે બુક થઈ જતાં યુવાઓમાં ચણભણાટ સાંભળવા મળ્યો છે.

● રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે ગાંધીનગર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર નિર્માણ પામેલ હોટલની મુલાકાત લેનાર છે.

● રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે આજે જીએસટી કાઉન્સીલની વર્ચ્યુઅલ બેઠકમાં હાજરી આપી હતી.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૫૬૪ લોકોને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.

● ગાંધીનગરના વિવિધ સ્મશાનગૃહોમાં આજે ૬ મૃતકોની કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે અંતિમવિધિ કરાઈ હતી.

ચરેડી-જીઈબી છાપરાં વિસ્તારમાં રસીકરણ જાગૃતિ અભિયાન

શહેરમાં કોરોના રસીકરણ માટે વધુને વધુ નાગરિકો જાગૃત બની વેક્સિન મેળવે તે માટે આમઆદમી પાર્ટીના જય વાઘેલા દ્વારા મનપાના વોર્ડ નં.૨ ખાતેના ચરેડી છાપરાં, જીઈબી કોલોની મેઈન ગેટ તથા અમુલ મિલ્ક પાર્લર નજીકના તેમજ ગ્રામ પંચાયત પાસેના વિસ્તારમાં રસીકરણ જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું જે અંતર્ગત નાગરિકોને વેક્સિન અંગે માર્ગદર્શન પુરું પાડયું હતું. આ ઉપરાંત આ વિસ્તારોમાં જયાં નાગરિકોની મોટી અવરજવર રહે છે તેવા સ્થળોનું સેનેટાઈઝીંગ પણ કરવામાં આવ્યું હતું.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી તથા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી વચ્ચે સહયોગ માટે સમજૂતી કરાર

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર ખાતેની સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા પાટણ ખાતેની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સાથે આજે વિદ્યાર્થીઓ, અધ્યાપકો, પ્રાધ્યાપકો, પ્રશિક્ષકોની સ્વર્ણિમ વિકાસયાત્રામાં બંને યુનિવર્સિટીના પારસ્પરિક હિતોને ઉત્તેજન અને વિકાસ માટે ઉચ્ચ શિક્ષણ, સંશોધન તેમજ પ્રશિક્ષણ કાર્યમાં પરસ્પર એકેડેમિક તથા રિસર્ચ અને ટેક્નિકલ સહયોગ સાધવા સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા.

કુલપતિ ડૉ.અર્જુનસિંહ રાણાએ આશા વ્યક્ત કરી કે આ

એમ.ઓ.યુ. ન્યુ એજયુકેશન પોલિસી ૨૦૨૦ હેઠળ અમે વિદ્યાર્થીઓને વિવિધ રમત કેટેગરીમાં ઉત્તમ કોચિંગ, વિદ્યાર્થીઓને શારીરિક શિક્ષણ અને રમતગમતના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના શિક્ષકો તરીકે ઉત્કૃષ્ટ થવામાં મદદ કરીશું. આ સમજૂતી કરાર થયેથી વિદ્યાર્થીઓને તથા રમત ગમત ક્ષેત્રના તજજ્ઞો અને કોચને તેમની શૈક્ષણિક કારકિર્દીમાં મદદરૂપ બને તથા તેમના જ્ઞાનમાં વધારો થાય તે માટે બંને યુનિવર્સિટી વચ્ચે વિવિધ આયોજનો જેવાકે, એડવેન્ચર સ્પોર્ટ્સ, સ્ટુડન્ટ ઈન્ટર્નશિપ પ્રોગ્રામ, ફેક્લટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ તથા વિવિધ શોર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન આવનારા સમયમાં કરવામાં આવશે.

બેંક ખાતામાં મોબાઈલ નંબર રજીસ્ટર કરવાનું જણાવી રૂ.૩.૫૩ લાખની ઉચાપત

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરમાં ઓનલાઈન છેતરપિંડીની ઘટનાઓ હજુ પણ અટકવાનુ નામ લેતી નથી અને વારંવાર નાગરીકો આવી છેતરપિંડીનો ભોગ બનતા હોવાના કિસ્સા જોવા મળી રહ્યાં છે. તાજેતરમાં જ ગાંધીનગર તાલુકાના ગામનો એક નાગરિક આશરે સાડા ત્રણ લાખથી વધુની ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બનવા પામ્યો છે.

પોલીસ સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર ગાંધીનગર તાલુકાના શેરથામાં નાસ્તાની દુકાન ચલાવતા અને ચબુતરવાસમાં રહેતા ૪૬ વર્ષીય આશિષ શંકરભાઈ પટેલે તેમની સાથે રૂ.૩.૫૩ લાખની ઓનલાઈન છેતરપીંડી થઈ હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યાં મુજબ તેઓનું દેનાબેંકમાં જે ખાતું હતું જે બેંક ઓફ બરોડામાં મર્જ થયા બાદ તેનો નંબર બદલાઈ ગયો હોવાથી આ નવા એકાઉન્ટ સાથે તેમનો મોબાઈલ નંબર અપડેટ થતો ન હતો તેને અપડેટ કરવા માટે તેઓ બેંકની શાખામાં ધક્કા ખાઈ આવ્યાં હતા. આ દરમ્યાન તા. ૨૪મી મેના રોજ તેમના પર એક અજાણ્યો કોલ આવ્યો હતો, જેમાં કોલરે તેમને બેંક ઓફ બરોડામાંથી બોલતા હોવાનું જણાવી તેમનો મોબાઈલ નંબર નવા એકાઉન્ટ નંબર સાથે રજિસ્ટર નહીં કરાવે તો તેમનું એકાઉન્ટ બંધ થઈ જશે તેવું જણાવ્યું હતું. કોલરે આ માટે આશિષ પટેલને એટીએમમાં જઈને બેંકની એમ-કનેક્ટ એપ્લિકેશન માટે પાસવર્ડ જનરેટ જણાવ્યું હતું જે દરમ્યાન કોલરે ફંડ ટ્રાન્સફર ઓપ્શનમાં જઈને પૈસા ટ્રાન્સફર ચેકિંગ કરવાના બહાને અલગ-અલગ ચાર જેટલાં ખાતામાં કુલ રૂપિયા ૨.૫૫ લાખ ટ્રાન્સફર કરાવ્યાં હતા પરંતુ તે નાણાં ટ્રાન્સફર થયાના કોઈ મેસેજ મળ્યાં નહોતા. આથી આશિષ પટેલે તેમના બેંક સ્ટેટમેન્ટની કોપી મેળવતા વધુ બે ઓનલાઈન એપ્લિકેશનમાં રૂ.૬૦,૭૪૩ અને રૂ. ૩૬,૩૦૦ના પણ ટ્રાન્જેક્શન જોવા મળ્યાં હતા જે મળીને કુલ તેમના ખાતામાંથી કુલ રૂ.૩,૫૨,૦૪૩ની ઉચાપત થવા પામી હતી જેને પગલે તેમણે સાયબર આશ્વસ્થમાં ઓનલાઈન અરજી કરતા તેના આધારે અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવા પામી છે.

સે-૩ ડી ના શ્રી સાંઈકૃપા સેવા ટ્રસ્ટના પ્રમુખપદે વિક્રમભાઈ પટેલની નિયુક્તિ કરાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના સેક્ટર-૩-ડી ખાતેના શ્રી સાંઈકૃપા સેવા ટ્રસ્ટના પ્રમુખ પદે વિક્રમભાઈ પટેલની નિયુક્તિ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ટ્રસ્ટના પ્રમુખ નરેન્દ્રભાઈ શાહ સહિત ત્રણ ટ્રસ્ટીઓ મહેન્દ્રભાઈ રાવલ, દેવુસિંહ ડાભી અને વિજયભાઈ સથવારાનું તાજેતરમાં અવસાન થવા પામ્યું છે.

સે. ૩-ડી માં સાંઈ મંદિર ખાતે સંસ્થાના ટ્રસ્ટી નરસિંહભાઈ પરમાર દ્વારા બોલાવાયેલ મિટિંગમાં ટ્રસ્ટના ચારેય દિવંગત ટ્રસ્ટીઓને બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. આ પછી વિક્રમભાઈ પટેલના અધ્યક્ષસ્થાને શરૂ થયેલી મિટિંગમાં ખાલી પડેલી જગ્યાઓ માટે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી જે અંતર્ગત પ્રમુખ સ્વ. નરેન્દ્રભાઈ શાહના સ્થાને વિક્રમભાઈ પટેલના નામની દરખાસ્ત મુકવામાં આવી હતી જેને ટ્રસ્ટી ગુણવંતલાલ સોની, મહેન્દ્રસિંહ ચૌહાણ, જનકભાઈ ઓઝા વગેરેએ ટેકો આપતાં સર્વાનુમતે તેમની વરણી કરવામાં આવી હતી. આ પછી સભાનું કામકાજ પૂર્ણ જાહેર કરાયું હતું.

આર્ટ ઓફ લીવિંગ દ્વારા કોવિડ કેર માટે વિશેષ નિઃશુલ્ક કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

રાષ્ટ્ર મહામારીના કટોકટીભર્યા તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે સામાજિક સંસ્થાઓ પોતાની ભૂમિકા નિભાવી રહી છે. આચાર્ય શ્રી શ્રી રવિશંકરજીની પ્રેરણાથી આર્ટ ઓફ લિવિંગ સંસ્થા દ્વારા લોક કલ્યાણ માટે અનેકવિધ કાર્યો થઈ રહ્યા છે. આચાર્ય શ્રી શ્રી રવિશંકરજીએ સંસ્થાના આ સેવાકાર્યને 'મિશન ઝિંદગી' નામ આપ્યું છે. સમગ્ર ભારતમાં આઈએએચવી તથા આર્ટ ઓફ લિવિંગ દ્વારા ૬૫૦૦ જેટલા ઓક્સિજન કોન્સન્ટ્રેટર્સ, ૨૭૦૦ બેડ, ૮૦૦ ઓક્સિજન સિલિન્ડર્સ, ૧૦ કરોડ રેશન કીટસ-ભોજનની વ્યવસ્થા અત્યાર સુધી કરવામાં આવી છે જે નિરંતર ચાલુ છે.

આજ સેવા કાર્ય અંતર્ગત આર્ટ ઓફ લિવિંદ દ્વારા કોવિડ કેર પ્રોગ્રામનું પણ નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ત્રણ પ્રકારના છે જેમાં એક ઈમ્યુનીટી વધારવા માટેના પ્રોગ્રામ જેમાં સ્વસ્થ લોકો, જેમને કોવિડની બિમારી નથી તેઓ ભાગ લઈ શકે છે બીજો કોવિડ રીકવરી પ્રોગ્રામ જેમાં જે નાગરિકોને કોવિડના સામાન્ય લક્ષણ છે અને હોમ આઈસોલેશનમાં છે તેઓ આ કાર્યક્રમમાં ભાગ લઈ શકે છે અને ત્રીજો પોસ્ટ કોવિડ રીકવરી પ્રોગ્રામ જેમાં જેઓ કોવિડમાંથી બહાર આવી ગયા છે તેઓ આ કાર્યક્રમમાં ભાગ લઈ શકે છે.

ગુજરાતમાં મે-જૂન મહિના દરમિયાન આ કાર્યક્રમનું બૃહત સ્તરે નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શ્વસનની ચોકકસ પ્રક્રિયાઓ, પ્રાણાયામ, યોગાસન, યોગનિંદ્રા તથા ધ્યાનનો સમાવેશ થાય છે. ફેફસાંની કાર્યદક્ષતા વધારવા તથા રોગ પ્રતિકારક શકિત વધારવા માટેની આ પ્રક્રિયાઓ સંસ્થાના યોગ નિષ્ણાત પ્રશિક્ષકો દ્વારા નિઃશુલ્ક શીખવાડવામાં આવશે. ગુજરાતમાં જ અત્યાર સુધી દસ હજાર જેટલાં નાગરિકો આ કાર્યક્રમોમાં ભાગ લઈ ચુકયા છે અને શરીરની સ્વસ્થતા તથા મનની શાંતિનો અનુભવ કર્યો છે. બાળકો અને કિશોરો માટે પણ ઈમ્યુનીટી વધે તથા ફેફસાં મજબૂત બને તે હેતુથી, બાળકોની વયને અનુરુપ યોગ અને પ્રાણાયામનું શિક્ષણ આપવામાં આવશે. આ કાર્યક્રમોનું સંચાલન આર્ટ ઓફ લિવિંગ શિક્ષકો દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ પ્રોગ્રામ ઓનલાઈન છે, ઝૂમ મિટિંગના માધ્યમ દ્વારા આ પ્રોગ્રામનું આયોજન કરાયું છે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા આર્ટ ઓફ લિવિંગની વેબસાઈટ www.artofliving.org પર રજીસ્ટ્રેશન કરાવી શકો છો અથવા ગાંધીનગર ખાતે પ્રતિનિધિ અને પ્રશિક્ષક સુરેશભાઈ પરમારને ૯૪૨૬૩૦૦૩૦૩ પર સંપર્ક કરી શકાશે તેવું અખબારી યાદીમાં જણાવાયું છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

જો ભાઈ, સરકારની વિરૂધ્ધની પોષ્ટ લખવામાં સજાની જોગવાઈ છે જ પરંતુ વખાણ કરવા માટે કોઈ ઈનામની વાત હજુ સુધી બહાર નથી આવી...!!

સમય કોરોના મૃતકોના સ્વજનોને સધિયારો આપવાનો છે, ચૂંટણી યોજવાનો નહીં

ધો. ૧૨ના બાળકો ચિંતામુક્ત થઈ પરીક્ષા આપી શકે અને શહેરમાં ૮૦ ટકા રસીકરણ થઈ જાય પછી જ ચૂંટણી યોજવા જાગૃત નાગરિક પરિષદનો મત

ગાંધીનગર, તા. ૨૮

છેલ્લાં બે-ત્રણ દિવસથી શહેરમાં મોકુફ રહેલી મનપાની ચૂંટણીઓ યોજવાની હિલચાલ ચાલી રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યુ છે. જો કે કોરોના સંક્રમણની ત્રીજી લહેરના જોખમ વચ્ચે વધી રહેલા મ્યુકર માઈકોસિસના કેસોની સ્થિતિમાં ચૂંટણીઓ યોજવી એટલે ફરીથી રાજકીય મેળાવડા અને પ્રચાર રેલીઓ શરૂ કરીને કોરોનાને વધુ એક વકરવા માટે ખુલ્લું મેદાન આપવું. આગામી સમયમાં ધો. ૧૨ની બોર્ડની પરીક્ષાઓ યોજાવાની છે ત્યારે ઓછામાં ઓછા ૮૦ ટકા નાગરિકોનું રસીકરણ થયાં વગર ચૂંટણી યોજવી જોઈએ નહી તેવો મત ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે વ્યક્ત કર્યો છે.

ગુજરાતમાં બારમા ધોરણની પરીક્ષા જુલાઈમાં લેવાની સરકારે જાહેરાત કરી છે તે સંજોગોમાં બાળકો સંક્રમણના ભય વગર પરીક્ષાઓ આપી શકે તે માટે વાતાવરણને કોરોનામુક્ત રાખવાની તમામ નાગરિકોની પ્રાથમિક ફરજ છે અને તેથી નાગરિકો સ્વૈચ્છિક નિયંત્રણો ચાલુ રાખે તેવું પરિષદ અને તેની સહયોગી સ્વૈચ્છિક સંસ્થાઓ ઈચ્છે છે.

આગામી ઓગસ્ટ-નવેમ્બરમાં આવનારા તહેવારોને કારણે સંક્રમણ વધવાની શકયતાઓને જોતાં ચૂંટણી યોજવાનું ઈચ્છનીય જણાતું નથી.

ગાંધીનગરના નાગરિકો ઈચ્છે છે કે નગરસેવકો બનવા જઈ રહેલા કાર્યકરો હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ લોકસેવા કરે અને ગુજરાતને કોરોનામુક્ત બનાવવામાં સહાયક બને. ગાંધીનગરની આરોગ્ય સેવાઓને સક્ષમ બનાવવા માટે/વિસ્તારવા માટે તમામ પક્ષો સાથે મળીને કાર્ય કરે તે આજની જરૂરિયાત છે. કોરોના સંક્રમણમાં જીવ ગુમાવનારા નાગરિકોના પરિજનોને સધિયારો આપવાનો આ સમય છે, મત માગવાનો સમય નથી.

શહેરના તમામ શાકમાર્કેટોમાં એકત્ર થતી ભીડને નિયંત્રિત કરવા માટે પોલીસની વ્યવસ્થા કરવી જરૂરી જણાય છે. ગ્રાહકો અને વેપારીઓ પણ જાગૃતિ બતાવે તે આવશ્યક છે. દુકાનો પુરા સમય માટે ખુલ્લી રાખવાની મંજૂરી આપવી જોઈએ, જેથી ગ્રાહકોને ખરીદી માટે વધારે સમય મળે અને ભીડ ન થાય.

જયોતીન્દ્ર દવેના અધ્યક્ષસ્થાને મળેલી ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની વર્ચ્યુઅલ બેઠકમાં સર્વ અરૂણભાઈ બૂચ, એચ.બી. વરિયા, વાગ્મિનભાઈ બૂચ, જયપ્રકાશ શાહ, ભાનુપ્રસાદ પુરાણી, બી.પી. પરમાર, જે.જી. વ્હોરા, પ્રો.રવીન્દ્રભાઈ દવે, પ્રકાશભાઈ લાલા, એસ ડી આર મલિક, સુમંતભાઈ શાહ, રાજેન્દ્ર પારેખ, મૂળજીભાઈ પરમાર, એન.પી. ગજ્જર, ડો.ચેતનાબહેન બૂચ, સી.એલ. મહેતા, હેમંતભાઈ સુથાર, દશરથભાઈ પરમાર, લક્ષ્મણસિંહ રાજપુત, હસમુખભાઈ શાહ, કુસુમબહેન જોષી વગરેએ હાજરી આપી હતી અને મહત્વનાં સૂચનો કર્યાં હતા.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ત્રિવેદી જશુભાઈ કાન્તીલાલ, ઉ.વ. ૭૮, ઘડી, સાબરકાંઠા
- સ્વ. પરીખ શીતલબેન ભાવેશભાઈ, ઉ.વ. ૫૦, સેકટર-૨
- સ્વ. રાઠોડ જયંતિભાઈ બાદરજી, ઉ.વ. ૫૩, લાલુજીની મુવાડી, દહેગામ
- સ્વ. વસાવા રસિકભાઈ ઈશ્વરભાઈ, ઉ.વ. ૬૧, ઓશલામ, જી. વડોદરા
- સ્વ. ઠાકોર વેચાતજી ચંદુજી, ઉ.વ. ૭૫, ચાંદીસણા, માણસા
- સ્વ. રાવલ જયેશ વિનોદરાય, ઉ.વ. ૩૯, રાયસણ
- સ્વ. ભટ્ટ અશોકકુમાર માણેકલાલ, ઉ.વ. ૫૯, સેકટર-૨૯
- સ્વ. પરમાર ગંગાબેન ડાહ્યાભાઈ, ઉ.વ. ૭૬, સેકટર-૨૩
- સ્વ. ડાભી જશુજી હમીરજી, ઉ.વ. ૫૭, પેથાપુર
- સ્વ. પટેલ રામાભાઈ મગનદાસ, ઉ.વ. ૭૮, બિલોદરા, માણસા
- સ્વ. પ્રજાપતિ ખોડાભાઈ જીવાભાઈ, ઉ.વ. ૬૭, દેવકરણના મુવાડા, દહેગામ
- સ્વ. ઠાકોર જાલાજી સોમાજી, ઉ.વ. ૬૦, રામપુરા, દહેગામ

● રૂદ્રભૂમિ ●

- સ્વ. રાઠી જગદીશપ્રસાદ હીરાલાલ, ઉ.વ. ૭૨, મેમનગર, અમદાવાદ
- સ્વ. બાબરીયા રંજન નરેન્દ્ર, ઉ.વ. ૪૨, સેકટર-૧૩
- સ્વ. ખલાસી મગનલાલ વલ્લભભાઈ, ઉ.વ. ૭૯, સેકટર-૫